# ગાંધીનગર-મહેસાણા બસ માટે આંદોલનના ભણકારા

ગાંધીનગર, તા.૨૯

સરકારી કાર્યક્રમોમાં નિગમની એસ.ટી. બસોનો બેફામ ઉપયોગ કરતું તંત્ર દેશના ઉજજવળ ભવિષ્યનું નિર્માણ કરનાર વિદ્યાર્થીઓને સુવિધા પુરી પાડી શકતું નથી. વહેલી સવારે કોલેજ જવા નીકળતા વિદ્યાર્થીઓ મુસાફરી માટે વલખાં મારી રહ્યા છે જેમાં ગાંધીનગર-મહેસાણા વાયા ગોઝારીયા નિયમિત બસને તંત્રએ અચાનક બંધ કરી દેતાં ૫૦થી વધુ વિદ્યાર્થીઓ કોલેજ જવા રીતસર ટટળી રહે છે. વિદ્યાર્થીઓના ભાવિ સાથે અડપલાં કરનાર તંત્રને અનેક રજુઆતો કરવામાં આવી છે પરંતુ પરિણામ પ્રાપ્ત ન થતાં આખરે વિદ્યાર્થીઓએ આમજા બસ સ્ટેન્ડ પાસે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાનો રાહ પકડયો છે.

ભારત દેશની લાચારી તંત્રના વહીવટકર્તાઓએ વધુ છતી કરી છે. લોકશાહીમાં હાલ ફકત મત બેંકોની રાજનીતી જ હાવી રહી છે. જેમાં સરકારી મશીનરી અને નાણાંનો ભરપૂર ઉપયોગ થાય છે પરંતુ કરવેરા ચુકવી સુવિધા માંગતા નાગરીકોને ભારોભાર અન્યાય થઈ રહ્યો છે. જેમાં વળી દેશનું ભવિષ્ય જેના હાથમાં છે તેવા વિદ્યાર્થીઓને પણ અભ્યાસ અર્થે સુવિધા આપવામાં તંત્ર ઉણું ઉતર્યું છે. મહેસાણા વિભાગ દ્વારા સંચાલિત ગાંધીનગર-મહેસાણા એસ.ટી. બસ ગાંધીનગરથી વહેલી સવારે ઉપડતી હતી અને ગાંધીનગર, પેથાપુર, રાંધેજા, બાલવા, આમજા થઈ ગોઝારીયા થઈ મહેસાણા પહોંચતી હતી. જેમાં આ માર્ગ ઉપર આવતી કોલેજના ૫૦થી વધુ વિદ્યાર્થીઓ આ બસનો મહત્તમ ઉપયોગ કરી સમયસર કોલેજ પહોંચી અભ્યાસને ન્યાય આપી શકતા હતા.

પરંતુ અચાનક જ તંત્ર એ આ બસને બંધ કરી દેતા વિદ્યાર્થીઓને તકલીફ પડતા ઉચ્ચ અધિકારીઓને વારંવાર રજુઆતો કરી બસ શરુ કરવા વિનંતીઓ કરી હતી. પરંતુ પરિણામ ન મળતાં આખરે હારેલા થાકેલા વિદ્યાર્થીઓએ ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાનો નિર્ણય કર્યો છે.

# કચ્છ-બનાસકાંઠા સરહદો પર એલર્ટ અપાયું

ગાંધીનગર, તા. ૨૯

ઉરીમાં થયેલા આતંકી હૂમલા બાદ આજે ભારત દ્વારા સરહદ પાર એલઓસી પર આવેલા આતંકી કેમ્પો ઉપર સર્જીકલ સ્ટ્રાઈક કરીને બોલાવેલા ખાત્માને પગલે ભારત પાકિસ્તાન સરહદ ઉભી થયેલી તંગદીલીને પગલે ગુજરાતની કચ્છ પાટણ બનાસકાંઠા સરહદો ઉપર હાઈએલર્ટ આપવામાં આવી છે. આ સરહદી જિલ્લાઓમાં પોલીસને સર્તક રહેવા અને સુરક્ષાના પગલા ભરવા માટેના આદેશો આપવામાં આવ્યા છે.

ગુજરાતના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે આ અંગેની વિગતો આપતાં જણાવ્યું હતું કે થોડા સમય અગાઉ ઉરીમાં આર્મી કેમ્પ પર આતંકીઓ દ્વારા હૂમલો કરવામાં આવ્યો હતો. જેમાં ૧૭ જેટલા જવાનોના મોત નીપજયા હતા. ભારતીય જવાનો પર થયેલા હૂમલાનો બદલો લેવા દેશના વડાપ્રધાને પ્રજાને આપેલી વિશ્વાસને પગલે ગત મોડી રાત્રે ભારતીય જવાનોએ એલઓસી ક્રોસ કરી પાકમાં ઘુસી ત્યાં રહેલા આતંકવાદી કેમ્પો ઉપર ઓપરેશન કરીને અનેક આતંકવાદીઓને ઠાર મારી ઓપરેશન પાર પાડી ભારતીય જવાનો પરત ફર્યા હતા.

ભારતીય લશ્કર દ્વારા કરવામાં આવેલ સર્જીકલ સ્ટ્રાઈકના પગલે ભારત પાક આંતરરાષ્ટ્રીય સરહદ પર ભારે તંગદીલી ઉભી થવા પામી છે.

તેમણે જણાવ્યું હતું કે સરહદ ઉપર ઉભી થયેલી તંગદીલીભર્યા વાતાવરણને પગલે કેન્દ્રના ગૃહ મંત્રાલયે સરહદી રાજ્યોને સરહદની ૧૦ કિ.મી.ની અંદરના ગામોને ખાલી કરાવવાના આપેલા આદેશોને પગલે ગુજરાતની કચ્છ પાટણ અને બનાસકાંઠા સરહદો પર એલર્ટ આપવામાં આવી છે. આ સરહદી જિલ્લાના રેન્જ આઈજી એસ.પી. અને જિલ્લા કલેકટરોને સરહદી વિસ્તારોમાં આંતરીક તકેદારીના પગલા લેવા અને સઘન સુરક્ષા ગોઠવવા માટે તેમજ અન્ય પગલા ભરવા સુચના આપવામાં આવી છે. કોઈપણ સંવેદનશીલ અથવા શંકાસ્પદ વ્યક્તિઓની હીલચાલ જાણવા મળે તો તુરત જ પોલીસને જાણ કરવા નાગરીકોને અપીલ કરવામાં આવી છે.

તેમણે જણાવ્યું હતું કે ગુજરાત સરહદી રાજ્ય હોઈ ગુજરાતમાં આવેલ એરફોર્સના અધિકારીઓ કોસ્ટગાર્ડના અધિકારીઓ અને નેવીના અધિકારીઓ સાથે રાજ્યના ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ, રાજ્યના મુખ્ય સચિવ ટેલીફોનથી સંપર્કમાં છે. અને આ સુરક્ષા એજન્સીઓને કોઈપણ પ્રકારની જરૂરીયાત હશે તો રાજ્ય સરકાર તે મદદ કરશે.

# બનાસકાંઠા જિલ્લાના ગરીબ કલ્યાણ મેળામાં દસ કરોડની સહાય અપાઈ

બનાસકાંઠા જિલ્લાના દિયોદર મુકામે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું કલ્યાણ રાજ્યમંત્રી






કેશાજી ચૌહાણના અધ્યક્ષસ્થાને સુઈગામ, દિયોદર, લાખણી, ભાભર અને ભાભર નગરપાલિકા કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો યોજાયો હતો. ૧૦,૫૯૮ લાભાર્થીઓને રૂ. ૧૦.૦૪ કરોડની સાધન સહાય મંત્રીશ્રી અને મહાનુભાવોના વરદહસ્તે આપવામાં આવી હતી. આ પ્રસંગે પ્રાસંગીક પ્રવચન કરતા મંત્રીશ્રીએ જણાવ્યું કે તત્કાલીન મુખ્યમંત્રી અને અત્યારે આપણા લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વચેટીયાઓને દૂર કરવા તથા ગરીબોને સીધો લાભ આપવા શરૂ કરેલ ગરીબ કલ્યાણ મેળાઓ યોજવાના અભિયાનને નોંધપાત્ર સફળતા મળી છે. ગરીબ કલ્યાણ મેળાઓને લીધે ગરીબોની આવક અને સુખાકારીમાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે. ગરીબીને કાયમી દેશવટો આપી દેવા સરકારશ્રીએ વિવિધ કલ્યાણકારી યોજનાઓ અમલી બનાવીને વિશાળપાયે સંગીત પ્રયાસો કરી રહી છે. તેમણે જણાવ્યુંહતુંકે ગરીબ કલ્યાણ મેળાઓના માધ્યમથી એક જ સ્થળે સંખ્યાબંધ લાભાર્થીઓને લાભો આપી શકાય છે.

આપણા લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વૈશ્વિક કક્ષાએ ભારતનું નામ રોશન કર્યું છે. વડાપ્રધાનશ્રીએ શરૂ કરેલ સ્વચ્છતાના મહાઅભિયાનથી સમગ્રદેશમાં લોકોની જાગૃતિમાંનો નોંધપાત્ર વધારો થયો છે. મંત્રીશ્રી ચૌહાણે કહ્યું કે સમૃદ્ધિ હોય છે. દેશને સમૃદ્ધ અને શક્તિશાળી બનાવવા બાળકોને ઉચ્ચ શિક્ષણ સુધી ભણાવીએ તેમજ વ્યસનોને હંમેશ માટે દૂર કરીએ. મંત્રીએ કહ્યું કે તા. ૨૫ સપ્ટેમ્બરથી એક વર્ષ સુધી પંડિત દીન દયાળ ઉપાધ્યાયની જન્મ શતાબ્દીની ઉજવણી શાનદાર રીત ઉજવવાનું સરકારશ્રીનું આયોજન છે.

# લેકાવાડા ચરસ ગાંજાના કેસમાં ઝડપાયેલા આરોપીને ૧૫ વર્ષની કેદની સજા

ગાંધીનગર તા ૨૯

જિલ્લાના લેકાવાડા ગામમાં સ્થિત હનુમાનજી મંદિરની ઓરડીમાં ચરસ ગાંજાના જથ્થા સાથે વેચાણ કરતા ઝડપાયેલા બે આરોપીઓને ગાંધીનગર કાર્ટે સખત સજા ભોગવવાનો હુકમ કર્યો છે. આ પૈકી એક આરોપીને ૧૫ વર્ષ તેમજ અન્ય એક આરોપીને ૧૦ વર્ષની કેદની સજા ભોગવવા કોર્ટે આદેશ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર જિલ્લાના લેકાવાડા ગામના બસસ્ટેન્ડ સામે ગૌચરની જમીનમાં સ્થિત હનુમાન મંદિરની આરડીમાં રહેતા ઘનશ્યામ સીતારામ સાધુ ચરસ ગાંજાનો જથ્થો રાખી વેચાણ કરતા હોવાની બાતમી ડભોડા પોલીસને મળી હતી. જેને ધ્યાને લઇ પોલીસે તા ૨૧ ડીસેમ્બર વર્ષ ૨૦૧૦ના રોજ પોલીસે સ્થળ પર રેઈડ કરી હતી. આ દરમિયાન ગાંજાનુ વેચાણ કરવા આવેલા શખ્સ કમલેશ રાજારામ સોલંકીની બાઈકમાં તપાસ કરતા ડેકીમાંથી ૧૭૩૫ ગ્રામ જથ્થો પકડાયો હતો. જયારે હનુમાન મંદિરની ઓરડીની બિનકાયદેસર કબજા ભોગવટાની જગ્યામાંથી પણ ૯૮૬ ગ્રામ ગાંજાનો જથ્થો, ૧૪૮ ગ્રામ ગાંજાના બીજ, તેમજ ૧૩૬ ગ્રામ ચરસનો જથ્થો ઝડપાયો હતો. ખુલ્લી જગ્યામાં ૧૦૪ જેટલા છોડનુ પણ વાવેતર કર્યુ હતુ. ચરસ ગાંજાના જથ્થા તેમજ બાઈક અને મોબાઈલ સાથે કુલ રૂ ૩૫૫૫૦નો મુદ્દામાલ પોલીસે ઝડપી લીધો હતો. પી આઈ પી એચ ચૌધરીએ બન્ને આરોપીઓ સામે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. આ કેસ ગાંધીનગરની કોર્ટમાં ચાલી જતા સરકરી વકીલ તરીકે સુનીલ પંડયાએ દલીલો કરી હતી. પુરાવા અને દલીલોને ધ્યાને લઈ આરોપીને સખત સજા કરવા કોર્ટ સમક્ષ જણાંવ્યુ હતુ.

ડિસ્ટ્રીકટ એન્ડ સેસન્સ કોર્ટના જજ એ સી રાવે આરોપી ઘનશ્યામદાસ સીતારામ સાધુને ૧૫ વર્ષની સખત કેદની સજા ભોગવવા તેમજ રૂ ૧ લાખનો દંડ ભોગવવા હુકમ કર્યો છે. જયારે અન્ય એક આરોપીને કમલેશ રાજારામ સોલંકીને ૧૦ વર્ષની કેદની સજા તેમજ રૂ ૫૦ હજારનો દંડ ભોગવવા આદેશ કર્યો છે.

**આ કેસના અન્ય એક આરોપીને પણ ૧૦ વર્ષની કેદ : લેકાવાડા ગામના હનુમાન મંદિરની ઓરડીમાંથી ચરસ ગાંજાનો જથ્થો ઝડપાયો હતો**




## ચિલ્ડ્રન યુનિવર્સિટી દ્વારા સ્વચ્છતા સપ્તાહની ઉજવણી

ચિલ્ડ્રન્સ યુનિ. સે-૨૦, ગાંધીનગર દ્વારા સ્વચ્છતા અને સામાજિક સમરસતા સપ્તાહની ઉજવણી અંતર્ગત ગાંધીનગર જિલ્લાની લેકાવાડા પ્રાથમિક શાળામાં સ્વચ્છતા અને સમરસતા જાગૃતિ તેમજ ગામની સફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ચિલ્ડ્રન્સ યુનિ. પરિવાર, શાળાના શિક્ષકો, વિદ્યાર્થીઓ તેમજ ગ્રામજનો સહિત અંદાજે ૨૭૫ લોકો ઉપસ્થિત રહ્યા હતા. ચિલ્ડ્રન્સ યુનિ.ના મહાનિયામકશ્રી દિવ્યાંશુભાઈ દવેએ પોતાના પ્રેરક વકતવ્યમાં જણાવ્યું હતુ કે જયારે આપણા વિચારોમાં પવિત્રતા આવશે ત્યારે આપણામાં સમરસતા આવશે.

# બનાસકાંઠા જિલ્લા ટુરીઝમ મોબાઈલ એપનું લોકાર્પણ

પાલનપુર, તા. ૨૯

તાજેતરમાં પાલનપુર ખાતે યોજાયેલ ખેલ મહાકુંભ ઉદ્ઘાટન સમારોહ દરમ્યાન મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ બનાસકાંઠા જિલ્લા વહીવટીતંત્ર દ્વારા તૈયાર કરાયેલ બનાસકાંઠા ટુરીઝમ એપ નાગરિકોને સમર્પિત કરી હતી. બનાસકાંઠા જિલ્લા કલેક્ટર જેનુ દેવનના માર્ગદર્શન હેઠળ બનાસકાંઠા ટુરીઝમ એપ તૈયાર કરવામાં આવી છે. જેના માધ્યમથી બનાસકાંઠા જિલ્લાના જોવાલાયક સ્થળો મોબાઈલ એપથી જોઈ શકાશે.

બનાસકાંઠા જિલ્લો વિવિધતા અને પ્રકૃતિના સૌંદર્યથી ભરપૂર જિલ્લો છે જેમાં એક તરફ લાખો માઈભક્તોની શ્રદ્ધા અને ભક્તિનું પરમ પવિત્ર તીર્થસ્થાન અંબાજી છે. તો બીજી બાજુ આંતરરાષ્ટ્રીય સીમાનું રક્ષણ કરતી આદ્યશક્તિ મા નડેશ્વરીનું મંદિર નડાબેટ ખાતે આવેલ છે. આ ઉપરાંત પાલનપુરના સ્મારકો જેવા આ પ્રદેશના વૈભવી વારસાની ઝાંખી કરાવે છે. અને જેસોર અભ્યારણ કુદરતી સૌંદર્યથી ભરપુર છે. આ એપમાં આવા જ ઉપથી વધુ પ્રખ્યાત તથા આકર્ષક પ્રવાસન સ્થળોની સૂચી તથા ફોટોગ્રાફ સાથેના વિગતવાર વર્ણનનો સમાવેશ થાય છે. બહારથી આવનારા પ્રવાસીઓની સુવિધા માટે પ્રવાસન સ્થળ પર સરળતાથી પહોંચી શકાય તે માટે સચોટ મેપની સુવિધા પણ એપમાં ઉપલબ્ધ છે. પ્રવાસન સ્થળોની જાણકારી ઉપરાંત આ એપમાં આપ હોટલ, રેસ્ટોરન્ટ, શોપિંગ વગેરે જેવી ઉપયોગી માહિતી પણ તમારા મોબાઈલ હેન્ડસેટમાં સરળતાથી મેળવી શકો છો. બહારથી આવનારા પ્રવાસીઓની સુવિધા માટે સ્થાનિક મેળા અને ઉત્સવોની જાણકારી તથા નજીકના પ્રવાસન સ્થળોના રૂટ્સનું પણ સૂચન કરવામાં આવ્યું છે.



# સાતસો નગરજનોની સહી સાથે એનસીપીનું મોંઘવારી સામે હલ્લાબોલ

ગાંધીનગર શહેર જિલ્લા રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ (એનસીપી) દ્વારા ત્રિદિવસીય મોંઘવારી વિરૂદ્ધ હલ્લાબોલ સહિ ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શહેરના નાગરીકોએ ભારે રોષ બતાવી ૭૦૦ જેટલી સહિઓ એકત્ર કરવામાં આવી હતી જે અંગેનું એક આવેદનપત્ર આજે નાગરીકો વતી ગાંધીનગર કલેક્ટરને આપવામાં આવ્યું અને મોંઘવારી નહીં ઘટે તો જલદ કાર્યક્રમો કરવાની પણ ચીમકી ઉચ્ચારવામાં આવી હતી. ગાંધીનગર જિલ્લા રાષ્ટ્રવાદી કોંગ્રેસના મહામંત્રી અને ઈન્ચાર્જ મીડીયા સેલ પ્રભારી કમલેશ મહેતાની અખબારી યાદીમાં જણાવ્યાનુસાર ભાજપાના રાજમાં શાકભાજીના ભાવો, દાળના ભાવો, તેમજ રોજબરોજની તમામ ચીજવસ્તુઓના ભાવો આસમાને પહોંચી ગયા છે. વીજ કંપનીઓ પણ પ્રજાને લૂંટી રહી છે. બાકી રહી જતું હોય તેમ પેટ્રોલ-ડીઝલના ભાવો પણ વધી જતાં સામાન્ય નાગરીકોના ગાળામાં મોંઘવારીએ ભરડો લીધો હોઈ રાષ્ટ્રવાદી કોંગ્રેસ એનસીપી દ્વારા જાહેર સહી ઝુંબેશ આદરી હતી. નાગરીકોના મત જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. તા. ૨૬મીએ સે. ૨૪, તા. ૨૭મીએ સે. ૨૧, તા. ૨૮મીએ સે. ૭ ખાતે આ કાર્યક્રમ યોજાયો હતો.

## સર્જીકલ હુમલામાં...

● અનુસંધાન પહેલાનું ચાલુ

ડીજીએમઓએ કહ્યું હતું કે, તેના અંકુશ હેઠળ જમીનની ઉપયોગ ન કરવા બદલ પાકિસ્તાનને વારંવાર અપીલ કરવામાં આવી રહી હતી છતાં કોઈ પગલા લેવાઈ રહ્યા ન હતા. આજ કારણસર અંતે કાર્યવાહી કરવામાં આવી હતી. ઓપરેશન હવે પૂર્ણ કરી લેવામાં આવ્યું છે. ભારતમાં ઘુસણખોરી કરવા અને હુમલા કરવા માટે તૈયારી કરી રહેલા ત્રાસવાદીઓના સંદર્ભમાં તમામ ચોક્કસ ઈન્ટેલીજન્સ માહિતી એકત્રિત કરવામાં આવ્યા બાદ સર્જીકલ હુમલા કરાયા હતા. સુત્રોના જણાવ્યા મુજબ આ ઓપરેશન બુધવારે મોડી રાત્રે શરૂ થયું હતું અને આજે વહેલી પરોઢે ૪.૩૦ વાગે પૂર્ણ કરી લેવામાં આવ્યું હતું. અંકુશરેખાની અંદર ઘુસીને આ ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું. છેલ્લા એક સપ્તાહથી આની તમામ તૈયારી કરવામાં આવી રહી હતી. આમા હેલિકોપ્ટર અને ગ્રાઉન્ડ ફોર્સની મદદ લેવામાં આવી હતી. સેનાના ખાસ કમાન્ડોને ઓપરેશન માટે હેલિકોપ્ટરથી ઉતારવામાં આવ્યા હતા. હુમલા દરમિયાન ભારત પક્ષને કોઈપણ ખુવારી થઈ નથી. ભારતીય સેના જે વિસ્તારમાં ઓપેરશન હાથ ધર્યુંહતું તેમાં હોટસ્પ્રીંગ, કેલ, લીપા સહિત ચાર સેક્ટરનો સમાવેશ થાય ચે. આ જગ્યા લાઈન ઓફ કન્ટ્રોલની બીજી બાજુ પાકિસ્તાન તરફ છે. પાકિસ્તાની સેનાની મિડિયામાં પણ સંઘર્ષની વાતને કબૂલવામાં આવી છે. મિશનને અંજામ આપવામાં આવ્યા બાદ ભારતીય કમાન્ડો હેલિકોપ્ટરથી સુરક્ષિત પરત ફર્યા હતા.

## હવાઈ સંપર્ક...

● અનુસંધાન પહેલાનું ચાલુ

કહ્યુ છે કે વડાપ્રધાન કચેરીએ બે મુદ્દા પર વાત કરી છે. જેમાં દ્વિપક્ષીય ઉડ્ડયન સમજુતી અને અમારા એર સ્પેશથી પસાર થનાર પાકિસ્તાની એરલાઈન્સ પાસેથી તમામ માહિતી માંગવામાં આવી છે. આ સંબંધમાં અંતિમ નિર્ણય પીએમઓ સ્તર પર લેવામાં આવનાર છે. અધિકારીએ કહ્યુ છે કે આ તમામ માહિતી ત્રણ દિવસ પહેલાથી માંગવામાં આવી હતી. પીએમઓને મોકલી દેવામાં આવેલા ઈમેલના જવાબમાં કોઈ માહિતી આપવામાં આવી નથી.

ભારતે મંગળવારના દિવસે કહ્યુ હતુ કે તે ઈસ્લામાબાદમાં પણ સાર્કમાં ભાગ લેશે નહી. સરકારે સિન્ધુ સમજુતી પર સમીક્ષા કરવાનો પણ નિર્ણય કર્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, જમ્મુ કાશ્મીરના ઉરી સેક્ટરમાં ૧૮મી સપ્ટેમ્બરના દિવસે લશ્કરી છાવણી ઉપર કરવામાં આવેલા ભીષણ હુમલા બાદ અમેરિકા તરફથી આ પ્રતિક્રિયા આવી છે.

આ હુમલામાં ૧૮ જવાનો માર્યા ગયા હતા. આ હુમલા માટે ભારતે પાકિસ્તાન સ્થિત ત્રાસવાદી સંગઠન જૈશે મોહમ્મદને જવાબદાર ઠેરવીને પગલા લીધા હતા. આ હુમલામાં ૧૮ જવાનોના મોત થયા બાદ બન્ને દેશો વચ્ચેના સંબંધ વિસ્ફોટક બની રહ્યા છે. કેટલાક પગલા પહેલાથી જ લેવામાં આવ્યા છે.

## કલ્ચરલ ફોરમ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગરમાં સંગીત રસિકોનો વિશાળ સમૂહ એવો પણ છે કે જેઓ માત્ર અને માત્ર ગરબા સાંભળવા ગાંધીનગર કલ્ચરલ ફોરમના આંગણે પધારે છે.

વર્ષો વર્ષ વધતી જતી ખેલૈયાઓની ભીડ અને અદમ્ય ઉત્સાહને સમાવવા આ વખતે ગરબા ગ્રાઉન્ડ વધુ વિશાળ, ડસ્ટ ફ્રી અને વધુ સુવિધાસભર બનાવાયું છે. વિશાળ એલઈડી સ્ક્રીનના માધ્યમથી પ્રેક્ષકો વધુ સારી રીતે ગરબા માણી શકે એવું આયોજન કરાયું છે. ખેલૈયાઓ-પ્રેક્ષકોની સેવામાં ફોરમના તબીબોની એક ટુકડી જરૂરી તમામ સાધનો-દવાઓ સાથે સતત ખડેપગે રહેશે.

સલામતી માટે પણ પુરતુ આયોજન કરવામાં આવ્યું છે. પ્રવેશદ્વાર પાસે મેટલ ડિટેક્ટર જેવી વ્યવસ્થા ઉપરાંત સીસીટીવી કેમેરાથી સમગ્ર સંકુલનું ઝીણવટભર્યુ સર્વેક્ષણ સતત થાય એવી વ્યવસ્થાઓ ગોઠવવામાં આવે છે. સલામતી રક્ષકોથી સમગ્ર ગ્રાઈન્ડને સુરક્ષિત રાખવાનું આયોજન છે. વાહનોની વધતી જતી સંખ્યાને ધ્યાને લઈને પાર્કીંગના પ્રશ્નો ન સર્જાય તે માટે ગાંધીનગરમાં સૌ પ્રથમવાર નવરાત્રિમાં વેલે પાર્કીંગની સુવિધા આપવાનું આયોજન કરાયું છે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમના આંગણામાં તા. ૧ ઓક્ટોબરે, પહેલા નોરતે બપોરે ૧.૦૦ વાગ્યાના મુહૂર્તમાં માતાજીનું પ્રસ્થાપન કરાશે. સાંજે ૫.૦૦ વાગે માતાજીની દિવ્ય જયોતનું શાનદાર સ્વાગત કરાશે અને ગાંધીનગરથી છેલ્લા ૨૭ વર્ષથી પગપાળા અંબાજી જતા જય અંબે પરિવારના રથ સાથે દિવ્ય જયોતિનું વિધિવત સ્થાપન કરાશે. દરરોજ રાત્રે ૮.૦૦ વાગ્યે માતાજીની આરતી અને સ્તુતિથી ગરબાનો પ્રારંભ થશે અને ૧૨.૦૦ વાગ્યા સુધી ગરબા રમાશે.

## સાર્વત્રિક સ્વાગત

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રમુખ સોનિયા ગાંધી સાથે વાતચીત કરીને સર્જીકલ હુમલાના સંદર્ભમાં માહિતી આપી હતી. અન્ય રાજકીય પક્ષોને પણ માહિતી આપવામાં આવી હતી જેમાં ડાબેરીઓનો પણ સમાવેશ થાય છે. જમ્મુ કાશ્મીરના મુખ્યમંત્રી મહેબુબા મુફ્તીએ સર્જીકલ હુમલા બાદ સરહદ ઉપર ઉભી થયેલી સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. જુદા જુદા રાજકીય પક્ષોએ પોતપોતાની પ્રતિક્રિયા આપી હતી. તમામ રાજકીય પક્ષોએ આ હુમલાનું સ્વાગત કર્યુ. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કહ્યું છે કે, સમગ્ર દેશ ભારતીય સેનાની સાથે છે.

હુમલા અંગે પ્રતિક્રિયા આપતા ભાજપના મહાસચિવ અને જમ્મુ કાશ્મીરના પ્રભારી રામ માધવને કહ્યું હતું કે, ભારતને નુકસાન પહોંચાડનારાઓ સામે આગળ પણ કઠોર કાર્યવાહી કરવામાં આવશે. સમગ્ર દેશ સેનાની સાથે છે. ભાજપના નેતા શાહનવાઝે કહ્યું હતું કે, તમામ ત્રાસવાદીઓ માટે આ બોધપાઠ સમાન છે. આત્મ સુરક્ષા અમારો અધિકાર છે. કેન્દ્રીય મંત્રી રવિશંકર પ્રસાદે કહ્યું છે કે, ટેરર લોંચપેડ પર અમારી સેના દ્વારા કરવામાં આવેલા હુમલાથી અમને ગર્વ થાય છે. તેમણે કહ્યું હતું કે, આ કાર્યવાહી આતંકવાદની સામે કાર્યવાહીને લઈને ભારતની મજબૂત ઈચ્છા શક્તિ દર્શાવે છે. પાકિસ્તાનમાં ભારતના પૂર્વ હાઈકમિશનર પાર્થ સારથીનું કહેવું છે કે, આ રાષ્ટ્રીય સુરક્ષાનો મામલો છે. જે પણ પગલા લેવામાં આવે છે તે દેશના હિતમાં હોય છે. કોંગ્રેસે પણ પોતાની પ્રતિક્રિયા આપી છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા ગુલામ નબીએ કહ્યું છે કે,સરકાર તરફથી અમને માહિતી આપવામાં આવી હતી. અગાઉ વડાપ્રધાનના નેતૃત્વમાં કેબિનેટ અંગેની સુરક્ષા બેઠક પણ યોજાઈ હતી. કોંગ્રેસના પ્રવક્તા રાજ બબ્બરે કહ્યું હતું કે,સરકારે સર્વપક્ષીય બેઠક બોલાવી હતી. અમે સેનાની સાથે છીએ. સેના ઉપર ગર્વ પણ છે. ઓપરેશનનું અમે સ્વાગત કરીએ છીએ.કોંગ્રેસે સર્જીકલ હુમલાને ખુલ્લો ટેકો આપ્યો છે અને કહ્યું છે કે, આ હુમલા બિલકુલ યોગ્ય છે. કોંગ્રેસના પ્રવક્તા અહેમદ પટેલે પણ ભારતીય સેનાને અભિનંદન આપ્યા છે.

## ગરીબ કલ્યાણ મેળામાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લાભાર્થીઓને હાથોહાથ પહોચાડવામાં આવી રહ્યા છે. આજે સમગ્ર રાજયમાં નવમા તબક્કાનો ગરીબ કલ્યાણ મેળાનો આરંભ રાજયના મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કરીને લાખોની સંખ્યામાં લાભાર્થીઓને વિવિધ સરકારી યોજનાઓનો લાભ મળશે. ગરીબ કલ્યાણ મેળામાં ખોટો ખર્ચ થાય છે..? તેવો પ્રશ્ન ઉપસ્થિત લાભાર્થીઓને રાજયના નાયબ મુખ્ય મંત્રી નીતિનભાઈ પટેલે કર્યો હતો. આ ખોટો ખર્ચ હોય તો ઉભા થવા લાભાર્થીઓને જણાવ્યું હતું, પણ કોઈ પણ લાભાર્થી ઉભા ન થતાં નાયબ મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આ વાત જ આ કાર્યક્રમની સાર્થકતા બતાવે છે.

આ પ્રસંગે સર્વે મહાનુભાવોનું અને લાભાર્થીઓનું સ્વાગત જિલ્લા કલેકટર શ્રી સતીશ પટેલે કર્યુંહતું. આભારવિધી જિલ્લા વિકાસ અધિકારી ડી.પી.દેસાઈએ કરી હતી. આ મેળામાં ગુડાના ચેરમેન શ્રી આશિષભાઈ દવે, ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ, અનુસૂચિત જાતિ વિકાસ નિગમના ચેરમેન શ્રી રમેશભાઈ સોલંકી, ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી પ્રવિણભાઈ પટેલ, ગાંધીનગર મહાનગરપાલિકાના કમિશનર શ્રી ડી.એન. મોદી, નિવાસી અધિક કલેકટર શ્રી વી.જી. કાલરિયા સહિત મોટી સંખ્યામાં લાભાર્થીઓ અને મહાનુભાવો ઉપસ્થિત રહયાં હતાં.

## પ્રમુખની તાકીદ...

● પાંચમા પાનાનું ચાલુ

વસ્તીના ધોરણે પ્રાથમીક આરોગ્ય કેન્દ્ર ખોલવા અને માલપુર તાલુકામાં નવા બે પી.એચ.સી. તથા મેઘરજ, ભીલોડા તેમજ અન્ય તાલુકાઓમાં જિલ્લાના પ્રજાજનોના આરોગ્યની ઝાળવણી તેમજ સારવાર માટે સગવડરૂપ બને તે માટે ખોલવાની જરૂર હોવાની અને રાજ્ય આરોગ્ય વિભાગમાં રજૂઆત કરી ઝડપથી પીએચસી સેન્ટર ખોલાવાની રજૂઆત કરવાનું જણાવ્યું હતું. અરવલ્લી જિલ્લામાં મંજૂર થયેલ સિવિલ હોસ્પિટલની જગ્યા અંગે કોર્ટે પ્રોસેસ ચાલતી હોવાથી ઝડપથી કોર્ટમાં ચાલતા કેસનું ઝડપી નિવારણ લાવવા અને સિવિલ હોસ્પિટલનું કામકાજ શરૂ થાય તે મુદ્દાને ભારપૂર્વક વિસ્તૃત ચર્ચા કરી હતી.